# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-05-2025 Day: Friday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## P.M-વેવ્ઝ 2025નું ઉદ્ઘાટન:

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, વૈશ્વિક સર્જનાત્મકતાની આગેવાની લેવા ભારત માટે આ ઉત્તમ સમય છે. આજે ભારત ફિલ્મ નિર્માણ, ડિજિટલ સામગ્રી, ગેમિંગ, ફેશન, સંગીત અને લાઇવ કોન્સર્ટ માટે વૈશ્વિક કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે.

મુંબઈમાં જિયો વર્લ્ડ સેન્ટર ખાતે વિશ્વ દ્રશ્ય શ્રાવ્ય અને મનોરંજન શિખર સંમેલન-વેવ્સ 2025નું ગઇકાલે ઉદ્ઘાટન કર્યા બાદ પ્રધાનમંત્રીએ આમ જણાવ્યું.

તેમણે જણાવ્યું કે વૈશ્વિક એનિમેશન બજારમાં વિશાળ સંભાવના છે, જેનું મૂલ્ય હાલમાં 430 અબજ ડોલરથી વધુ છે અને આગામી દાયકામાં તે બમણું થવાની ધારણા છે.

ભારતના સર્જનાત્મક અર્થતંત્રની અપાર ક્ષમતા પર ભાર મૂકતા તેમણે જણાવ્યું કે, આગામી વર્ષોમાં દેશના જીડીપીમાં તેનું યોગદાન નોંધપાત્ર રીતે વધવાનું નિશ્ચિત છે.

તેમણે જણાવ્યું કે, વેવ્ઝમાં 100થી વધુ દેશોનાં કલાકારો, રોકાણકારો, ઇનોવેટર્સ અને નીતિ ઘડવૈયાઓ એક છત હેઠળ એકત્ર થયા હોવાથી વૈશ્વિક આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

----------------------------------------------------------------------------------------

## વેવ્ઝ શિખર સંમેલનમાં શ્વેતપત્રનું અનાવરણ:

માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી એલ. મુરુગન મુંબઈમાં વેવ્ઝ શિખર સંમેલન દરમિયાન આજે 'ઇન્ડિયાઝ લાઇવ ઇવેન્ટ્સ ઇકોનોમીઃ એ સ્ટ્રેટેજિક ગ્રોથ ઇમ્પેરેટિવ' નું

અનાવરણ કરશે. આ શ્વેતપત્રમાં ભારતમાં ઝડપથી વિસ્તરણ કરી રહેલા જીવંત મનોરંજન ઉદ્યોગનું સર્વગ્રાહી વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

આ શ્વેતપત્ર માહિતી અને પ્રસારણ મંત્રાલયે તૈયાર કર્યું છે. મંત્રાલયનાં જણાવ્યા પ્રમાણે સંગઠિત લાઇવ ઇવેન્ટ ક્ષેત્રએ 15 ટકા વૃધ્ધિ નોંધાવી છે અને આવકમાં 13 અબજ રૂપિયાનું પ્રદાન આપ્યું છે.

---------------------------------------------------------------------------------------

## ચુંટણીપંચે મતદારોને અનુકુળ મતદાર કાપલી બનાવવા 3 પહેલ કરી-:

ચૂંટણી પંચે ક્ષતિરહિત મતદાર યાદી તૈયાર કરવા, બુથ સ્તરના અધિકારીઓની ઓળખ પ્રસ્થાપિત કરવા અને મતદારોને અનુકુળ મતદાર કાપલી બનાવવા ત્રણ નવી પહેલ શરૂ કરી છે.ચૂંટણી પંચ મૃત્યુ નોંધણીની વિગતો ભારતના રજીસ્ટ્રાર જનરલ પાસેથી મેળવશે. મતદાર યાદીમાં પોતાનું નામ શોધવામાં સરળતા રહે તે માટે મતદારકાપલીની ડિઝાઈનમાં ફેરફાર કરાશે. જેમાં મતદારનો સીરિયલ નંબર અને પાર્ટ નંબરને વધુ મોટા ફોન્ટમાં સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવશે. જ્યારે મતદાર નોંધણી અધિકારી દ્વારા નિયુક્ત પ્રત્યેક બૂથ લેવલ ઑફિસર્સને ફોટો ઓળખપત્ર આપવામાં આવશે.

---------------------------------------------------------------------------------------

## CM-ગુજરાત સ્થાપના દિવસની  રાજ્ય કક્ષાની ઉજવણી:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગુજરાતનાં સ્થાપના દિવસની રાજ્ય કક્ષાની ઉજવણી ગઇકાલે પંચમહાલ જિલ્લાના ગોધરામાં કરવામાં આવી. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 644 કરોડ રૂપિયાથી વધુના 85 જેટલા વિકાસ કામોનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું.

આ પ્રસંગે સંબોધન કરતાં, મુખ્યમંત્રીએ કહ્યું કે, ગુજરાતે આજે તમામ ક્ષેત્રોમાં વિકાસના નવા સિમાચિન્હો સ્થાપિત કર્યા છે. રાજ્યમાં આરોગ્ય, શિક્ષણ, પીવાના પાણી, માર્ગો, વીજળીની સુદ્રઢ વ્યવસ્થા કરવામાં આવી છે. માળખાકીય સુવિધા વિકસાવવા માટે સરકારની પ્રતિબદ્ધતા

દોહરાવતા તેમણે કહ્યું કે, રાજ્યના 12 માર્ગોને ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરિડોર બનાવવામાં આવશે.

---

## મુન્દ્રા ખાતેથી બાંગ્લાદેશી નાગરિકો ઝડપાયા:

કચ્છ જિલ્લાના મુન્દ્રાના સુખપરવાસમાંથી ગઇકાલે 8 બાંગ્લાદેશી નાગરિકો ઝડપાયા છે. સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા ઔધોગિક વસાહતો, મજુર વસાહતો, હોટલ-ઢાબા, પર ચેકીંગ કરી ગેરકાયદેસર રીતે વસવાટ કરતાં બાંગ્લાદેશી નાગરિકો શોધવાની કાર્યવાહી ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે 8 પૈકી 5 લોકો કચ્છમાં રહેતા હતા જ્યારે બાકીના 3 અમદાવાદના ચંડોળા તળાવ પાસે રહેતા હતા જે કચ્છથી ઝડપાયા છે.

---

## નિધન:

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ગિરિજા વ્યાસનું 79 વર્ષની વયે નિધન થયું છે. તેમણે ગઈકાલે અમદાવાદની હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા. એક મહિના પહેલા ઘરે પૂજા દરમિયાન તેઓ દાઝ્યા હતા. દાઝી જવાને કારણે તેમની હાલત વધુ ગંભીર બની હતી. તેમના પાર્થિવ દેહને રાજસ્થાનના ઉદયપુર લઈ જવામાં આવશે. જ્યાં તેમના અંતિમ સંસ્કાર કરવામાં આવશે.

---

## NEET જાહેરનામું:

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સી નવી દિલ્હી દ્વારા આગામી તા.04 મેએ ભુજની 2 અને ગાંધીધામની 2 મળી કુલ 4 શાળાઓમાં નેશનલ ઇલીજીબીટી કમ એન્ટ્રેન્સ ટેસ્ટ(NEET)ની પરીક્ષા લેવાશે, જેને લઇને નિવાસી અધિક કલેક્ટર ડી.પી.ચૌહાણે જાહેરનામું બહાર પાડી પરીક્ષા કેન્દ્રોની બિલ્ડિંગની 100 મીટર ત્રિજ્યાના વિસ્તારમાં સવારના 6થી સાંજના 6 સુધી કોઈપણ માર્ગ ઉપર ચોકમાં કે, ગલીમાં 5 કરતા વધારે લોકોને એકઠા ન થવા, સરઘસો ન

કાઢવા, સૂત્રો ન પોકારવા, કોપીઈંગ મશીનો ચલાવવા નહીં કે, કોઈપણ પત્રો, દસ્તાવેજો કે કાગળોની નકલો કરવી નહીં અને મશીનો બંધ રાખવાના  હુકમ કરાયા છે.

---

## ક્રિકેટ:

ગુજરાત ટાઇટન્સની ટીમ આઇપીએલની તેની દસમી મેચમાં આજે સનરાઇઝર હૈદરાબાદની ટીમ સામે મુકાબલો કરશે. અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતેની મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે. ગુજરાતની ટીમ  અત્યાર સુધીની નવ મેચમાંથી છ મેચ જીતી પોઇન્ટ ટેબલમાં 12 પોઇન્ટ સાથે, ચોથા ક્રમે છે જ્યારે હૈદરાબાદ ની ટીમ નવ માંથી ત્રણ મેચ જીતી છ પોઇન્ટ સાથે નવમા ક્રમે છે.

---